Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :44• Date : 21-03-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisodiya • Mo. 98790 84567

## કોંગ્રેસ- ડીએમકેને હિન્દુ ધર્મનું અપમાન કરવાની આદત થઈ ગઈ છે: મોદી



નવી દિલ્હી,

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તમિલનાડુના સલેમમાં જાહેર સભામાં રાહુલ ગાંધીની 'શક્તિ' ટિપ્પણીનો ઉલ્લેખ કરતા કહ્યું કે, વિપક્ષી દળનું 'ઈન્ડિયાગઠબંધન' વારંવાર ઈરાદાપૂર્વ હિન્દુ ધર્મનું અપમાન કરે છે. તેના સહયોગી દળ કોંગ્રેસ અને ડીએમકેની પ્રવૃતિ હિન્દુ ધર્મનું અપમાન કરવાની આદત થઈ ગઈ છે. હિન્દુ ધર્મ વિરુદ્ધ તેમના દરેક નિવેદન સમજી વિચારીને આપવામાં આવે છે.

વડા પ્રધાન મોદીએ ઈન્ડિયાગઠબંધનના સાથી પક્ષો પર નિશાન સાધતા કહ્યું કે, તમે જુઓ ડીએમકે અને કોંગ્રેસનું ઈન્ડિયાગઠબંધન બીજા કોઈ ધર્મનું અપમાન નથી કરતું. બીજા કોઈ ધર્મ વિરુદ્ધ તેમના મોઢામાંથી એક શબ્દ નથી નીકળતો પરંતુ હિન્દુ ધર્મને અપશબ્દો બોલવામાં તેમને એક સેકેન્ડ નથી લાગતી. વડાપ્રધાન મોદીએ રાહુલ ગાંધીની 'શક્તિ' વાળી ટિપ્પણીના જવાબમાં કહ્યું કે, આપણા શાસ્ત્રો સાક્ષી છે કે, વિનાશ એનો જ થાય છે જે શક્તિને ખતમ કરવાનો વિચાર ધરાવે છે. આવા ખતરનાક વિચારોને હરાવવાની શરૂઆત ૧૯ એપ્રિલે સૌથી પહેલા મારું તમિલનાડુ કરશે. હજું તો ચૂંટણી અભિયાનની શરૂઆત થઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એ પણ કહ્યું કે, મોદી દેશની નારીશક્તિની દરેક સમસ્યા આગળ ઢાલ બનીને ઊભા છે.

મહિલાઓને ધુમાડા મુક્ત જીવન આપવા માટે અમે ઉજ્જવલા એલપીજી ગેસ કનેક્શન આપ્યા છે અમે ફ્રી મેડિકલ ટ્રીટમેન્ટ માટે આયુષ્માન યોજના શરૂ કરી છે. આ તમામ યોજનાઓના કેન્દ્રમાં નારીશક્તિ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે તમિલનાડુના સાલેમમાં એક રેલીને સંબોધી હતી. પીએમના સ્વાગત માટે ૧૧ મહિલાઓ શક્તિ અમ્માના રૂપમાં આવી હતી. જ્યારે નરેન્દ્ર મોદીએ તેમને જોયા તો તેમને સ્ટેજ પર બોલાવ્યા. આ પછી તે થોડા સમય સુધી મહિલાઓને હાથ જોડીને અભિવાદન કરતા રહ્યા. વાસ્તવમાં, રવિવારે મુંબઈના શિવાજી પાર્કમાં ભાષણ આપતાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે તેમણે સત્તા સાથે લડવું પડશે. પીએમ મોદીએ આને મોટો મુદ્દો બનાવ્યો છે. તેમણે કહ્યું છે કે તે પોતાની માતાઓ અને બહેનોની સુરક્ષા માટે પોતાનો જીવ જોખમમાં મૂકશે. રેલીમાં ભાષણ આપતી વખતે પણ પીએમએ સત્તા મુદ્દે કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું, ''ચૂંટણી પ્રચારની શરૂઆત જ થઈ છે, પરંતુ ઈન્ડી એલાયન્સની યોજનાઓ અને તેમનો ઢંઢેરો મુંબઈમાં જ તેમની પ્રથમ રેલીમાં ખુલ્લેઆમ સામે આવ્યો છે. શિવાજી પાર્કમાં ઈન્ડી એલાયન્સે ખુલ્લેઆમ જાહેર કર્યું છે કે તેમની પાસે હિન્દુત્વની શક્તિ છે. આ શક્તિનો નાશ કરવા માટે. તમિલનાડુમાં દરેક વ્યક્તિ જાણે છે કે હિંદુ ધર્મમાં શક્તિ કોને કહેવાય છે.''

### પતંજલિ આયુર્વેદની કથિત ભ્રામક જાહેરાતને લઈને સુપ્રીમની લાલઆંખ

## બાબા રામદેવ-આચાર્ય બાલકૃષ્ણને કોર્ટમાં હાજર થવા આદેશ



નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે યોગગુરૂ બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણને અવમાનનાની નોટિસ પાઠવી છે અને બે અઠવાડિયા પછી કોર્ટમાં હાજર થવાનો આદેશ આપ્યો છે. કોર્ટે આ આદેશ પતંજલિ આયુર્વેદની કથિત ભ્રામક જાહેરાતને લઈને આપ્યો છે. સુપ્રીમ કોર્ટે આ પહેલા બાબા રામદેવને પણ નોટિસ પાઠવી હતી અને તેમને કોર્ટમાં બોલાવ્યા હતા. કોર્ટે પતંજલિ આયુર્વેદના મેનેજિંગ ડિરેક્ટર બાલકૃષ્ણ અને યોગગુરુ રામદેવ પાસેથી ત્રણ અઠવાડિયામાં જવાબ માંગ્યો હતો. સુપ્રીમ કોર્ટે સંસ્થાની જાહેરાતો પ્રસિદ્ધ કરવા પર પણ પ્રતિબંધ લગાવી દીધો હતો. ઈન્ડિયન મેડિકલ એસોસિએશને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને કહ્યું હતું કે, 'પતંજલિ આયુર્વેદની જાહેરાતો ખોટા દાવા કરી રહી છે અને ગેરમાર્ગે દોરે છે.'

પતંજલિ આયુર્વેદે સુપ્રીમ કોર્ટમાં બાંયધરી આપી હતી અને તેમ છતાં જાહેરાત છપાઈ હતી. આવી સ્થિતિમાં જસ્ટિસ હિમા કોહલી અને અહસાનુદીન અમાનુલ્લાહની બેંચે નારાજગી વ્યક્ત કરી અને બાબા રામદેવ અને એમડી આચાર્ય બાલકૃષ્ણ પાસેથી જવાબ માંગ્યો. જ્યારે કોઈ જવાબ ન મળ્યો, ત્યારે કોર્ટે તેને હાજર થવાનો આદેશ આપ્યો અને અવમાનનાની નોટિસ પાઠવી હતી. પતંજલિની જાહેરાતોમાં બાબા રામદેવની તસવીર પણ સામેલ હતી. આવી સ્થિતિમાં કોર્ટે તેમને પક્ષકાર બનાવ્યા અને પૂછ્યું કે તેમની સામે અવમાનનાની કાર્યવાહી શા માટે ન કરવી જોઈએ?

સુપ્રીમ કોર્ટે કહ્યું, 'અમે પતંજલિની જાહેરાતો જોઈ છે. કોર્ટમાં આપવામાં આવેલી બાંયધરીને ધ્યાનમાં રાખીને આચાર્ય રામદેવને જણાવવું જોઈએ કે શા માટે તેમની સામે અવમાનનાની કાર્યવાહી શરૂ ન કરવી જોઈએ. તેણે ડ્રગ્સ એન્ડ મેજિક રેમેડીઝ એક્ટ ૧૯૫૪નું પણ ઉલ્લંઘન કર્યું છે. આ કાયદાની કલમ ૩ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, સંધિવા, અસ્થમા વગેરે જેવા રોગોને નાબૂદ કરવા માટેના પ્રચાર પર પ્રતિબંધ મૂકે છે.' પતંજલિ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ કહ્યું કે 'બાબા રામદેવને પતંજલિ સાથે કોઈ લેવાદેવા નથી.

## દિલ્હી ફરીથી વિશ્વનું સૌથી પ્રદૂષિત પાટનગર, બિહારનું બેગુસરાય સૌથી પ્રદૂષિત શહેરમાં સામેલ



નવી દિલ્હી,

સ્વિસ જૂથ આઈક્યુ એરે વિશ્વના સૌથી પ્રદૂષિત શહેરો અને દેશની રાજધાનીઓની યાદી બહાર પાડી છે, જેમાં ભારતની રાજધાની દિલ્હી ફરી એકવાર વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાની બની ગઈ છે. પીઈટીએઆઈ દ્વારા બહાર પાડવામાં આવેલી માહિતી અનુસાર, બિહારનું બેગુસરાય વિશ્વના સૌથી પ્રદૂષિત શહેરોની યાદીમાં છે.

સ્વિસ જૂથ આઈક્યુ એર અનુસાર, ભારત ૨૦૨૩માં ૫૪.૪ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરની સરેરાશ વાર્ષિક પીએમ ૨.૫ સાથે ૧૩૪ દેશોમાં બાંગ્લાદેશ અને પાકિસ્તાન પછી ત્રીજા ક્રમે સૌથી ખરાબ હવાની ગુણવત્તા ધરાવતું હતું. સ્વિસ સંસ્થા આઈક્યુ એર દ્વારા ૨૦૨૩નો અહેવાલ જણાવે છે કે બાંગ્લાદેશમાં ૭૯.૯ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર અને પાકિસ્તાનમાં ૭૩.૭ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરની નબળી હવાની ગુણવત્તા હતી. ભારત વર્ષ ૨૦૨૨માં ૫૩.૩ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરની સરેરાશ પીએમ ૨.૫ સાથે આઠમા સૌથી પ્રદૂષિત દેશ તરીકે સ્થાન પામ્યું હતું.

## તંત્રી લેખ

# હવે મતદારોનો સમય

દુનિયાના સૌથી મોટા લોકતંત્રના મહાપર્વની પળો હવે નજીક આવી ગઈ છે. દેશમાં ચૂંટણી કાર્યક્રમની જાહેરાતની સાથે નવી સરકાર બનવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. નિઃસંદેહ, ચૂંટણી કાર્યક્રમ બેહદ લાંબો છે અને ૧૯ એપ્રિલથી શરૂ થઈને ૧ જૂન સુધી ચાલશે. બેશક, ૧૮મી લોકસભા માટે ચૂંટણી પ્રક્રિયા બહુ લાંબી છે. એક અબજની નજીક પહોંતા મતદારો માટે સુચારુ-શાંતિપૂર્ણ મતદાનની વ્યવસ્થા કરવી આસાન પણ નથી. ભૌગોલિક જટિલતાઓ, ભારે આબાદી અને કાયદો વ્યવસ્થાના પ્રશ્ન ચૂંટણી પ્રક્રિયાને લાંબી બનાવે છે. નિઃસંદેહ, આ નેતાઓ અને સરકારનો પાંચ વર્ષનો રિપોર્ટ કાર્ડ રજૂ કરવાનો સમય છે. આ આસમાનના તારા તોડી લાવવાના વાયદા કરવાનો સમય છે. ખામીઓને દબાવવા અને ઉપલબ્ધિઓના વખાણનો સમય છે.  પરંતુ સૌથી મહત્ત્વપૂર્ણ સમય મતદારો માટે છે કે તે સારા-નરસાનો ફરક કરીને તાર્કિક આધાર પર પોતાના કિંમતી મતનો ઉપયોગ કરે. મુશ્કેલી એ છે કે અમૃતકાળમાંથી પસાર થતા દેશમાં મતદારોનો એક મોટો વર્ગ વિષ અને અમૃતના ભેદનો સંપૂર્ણ રીતે અનુભવ નથી કરી શક્યો. ભારતીય રાજનીતિઓમાં દાગીઓની દખલ અને ધનબળનું વધતું વર્ચસ્વ એ જ દર્શાવે છે કે આપણા મતદારો આ સંવેદનશીલ મુદ્દા પ્રત્યે જાગૃત નથી થઈ શક્યા. નિશ્ચિત રૂપે મતદારોનો એક વર્ગ એવો પણ છે જે મત આપવા ઘરેથી નથી નીકળતા. જે મોટો વર્ગ નીકળે છે તે પણ ધર્મ, જાતિ, ક્ષેત્ર અને ધનબળથી રચેલા સંમોહનથી મુક્ત નથી થઈ શકતો.

વિચારણીય પ્રશ્ન એ પણ છે કે કેમ આજે પણ મતદાર મફતની રેવડીઓના મોહપાશમાં જકડાયેલો છે? મતદાર પોતાના કિંમતી વોટને નાના પ્રલોભનો માટે કેમ વેડફી નાખે છે? દેશમાં પાછલા દાયકાઓમાં સાક્ષરતાનું સ્તર ઊંચું થયું છે. નિઃસંદેહ ગરીબીના આંકડામાં કાપકૂપના સરકારી દાવા કરવામાં આવે છે. દેશમાં ગરીબી એક સત્ય છે. પરંતુ સાધનવિહીનતાનો મતલબ એ ક્યારેય નથી કે આપણે નાના-નાના પ્રલોભનોમાં ફસાઈને વિવેકશીલ રીતે મતદાન ન કરી શકીએ. દેશમાં ઉત્તર, દિક્ષણમાં મતદારોના વલણમાં ભિન્નતા પણ એક મુદ્દો રહ્યો છે, પરંતુ લોકતંત્રમાં પારદર્શિતા, શુચિતા અને યોગ્ય પ્રતિનિધિઓની પસંદગી એક સર્વકાલીન સત્ય છે. ખરા અર્થમાં આ લોકતંત્રનો મહોત્સવ રાજનેતાઓનો નહીં, જનતાનો છે. મતદારોએ પોતાના વોટની કિંમત સમજીને તેને બદલાવના અસ્ત્ર રૂપે પ્રયોગ કરવો જોઈએ.

તેને જાતીય, ધાર્મિકતા, ક્ષેત્રવાદ અને આર્થિક પ્રલોભનોને નકારીને લોકતંત્રને સમૃદ્ધ બનાવવું જોઈએ. તેણે વિચાર કરવો જોઈએ કે દેશની જનપ્રતિનિધિ સંસ્થાઓમાં કેમ ધનબલિઓનું વર્ચસ્વ થઈ રહ્યું છે? કેમ આમ આદમી હવે ચૂંટણી લડવાની સ્થિતિમાં નથી? કેમ જનપ્રતિનિધિ ચૂંટણી જીતતાં જ અબજોમાં આળોટવા લાગે છે? એ વિટંબણા છે કે ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ઉપહારો, શરાબ અને રોકડના અંબારની જપ્તી એ સંકટ તરફ ઈશારો કરે છે કે ટૂંકા લાભ માટે કમજોર વર્ગના મતદારોને લોભાવવા તમામ દાવ ખેલવામાં આવે છે. નિઃસંદેહ એકવીસમી સદીના ભારતીય લોકતંત્રમાં આ પ્રવૃત્તિઓ પર અંકુશ લગાવવો જોઈએ.

# નરસિંહ મહેતા યુનિવર્સિટી સામે NSUIનો ગંભીર

જુનાગઢ,

નરસિંહ મહેતા યુનિવર્સિટીના નર્સીંગના વિદ્યાર્થીઓનો આરોપ છે કે તેમન ઈરાદાપૂર્વક નાપાસ કરવામાં આવે છે, તેમજ ગ્રેસીંગના માર્ક્સ પણ યોગ્ય રીતે આપવામાં આવતા નથી. જેના કારણે ૭૦ ટકા વિદ્યાર્થી નાપાસ થયા છે. આ મામલે **NSUI**એ યુનિવર્સિટીના સત્તાધિશોને રજૂઆત કરી છે.

જુનાગઢની ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં નર્સિંગના વિદ્યાર્થીઓને પરીક્ષાના પરિણામોમાં અન્યાય થયાનો આક્ષેપ. **NSUI**એ વિદ્યાર્થીઓ સાથે યુનિવર્સિટીના સત્તાધીશોને કરી રજૂઆત. **NSUI**નો આરોપ છે કે નર્સિંગ શાખાના વિદ્યાર્થીઓને ઈરાદાપૂર્વક વારંવાર નાપાસ કરવામાં આવે છે. ગ્રેસિંગ માર્ક્સ પણ યોગ્ય રીતે ન અપાયા હોવાને કારણે નર્સિંગ શાખાના ૭૦ ટકા વિદ્યાર્થીઓ નાપાસ થયા છે.

**NSUI**એ બીએસસી નર્સિંગની ઉત્તરવહીની ફેરતપાસની ફી પાત્રીસસો રૂપિયા જેટલી છે તેને પણ ઘટાડવાની રજૂઆત કરી છે. આ સિવાય ડુપ્લિકેટ માર્કશીટનો પણ ચાર્જ અઢીસો રૂપિયા છે જે અન્ય યુનિવર્સિટીમાં સો રૂપિયા જ છે. જેથી ડુપ્લિકેટ માર્કશીટનો ચાર્જ ઘટાડવા રજૂઆત કરી છે. હાલ તો યુનિવર્સિટીના રજીસ્ટારે રજૂઆત સાંભળીને યોગ્ય પગલા લેવાશે તેવી બાંહેધરી આપતા સમગ્ર મામલો થાળે પડ્યો છે.

### ઈઝરાયેલ-હમાસનું વણથંભ્યું યુધ્ધ

# ઈઝરાયેલે ફરી વખત ગાઝાની શિફા હોસ્પિટલને ટાર્ગેટ બનાવી, બંન્ને પક્ષો વચ્ચે ફાયરિંગ

## ઈઝરાયેલની સેનાએ હમાસના એક ટોચના કમાન્ડરને મારી નાંખવાનો અને બીજા ૮૦ આતંકીઓની ધરપકડ કરી હોવાનો દાવો કર્યા



ગાઝા,

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા યુધ્ધમાં ઈઝરાયેલે ફરી એક વખત ગાઝાની શિફા હોસ્પિટલને ટાર્ગેટ બનાવી છે. આ વખતે તો હોસ્પિટલ જ હમાસ અને ઈઝરાયેલની સેના વચ્ચે યુધ્ધુ મેદાન બની ગઈ હતી. હોસ્પિટલની અંદર બંને પક્ષો વચ્ચે જોરદાર ફાયરિંગ થયુ હતુ. જેમાં ઈઝરાયેલની સેનાએ હમાસના એક ટોચના કમાન્ડરને મારી નાંખવાનો અને બીજા ૮૦ આતંકીઓની ધરપકડ કરી હોવાનો દાવો કર્યો છે.

મરનારા કમાન્ડરની ઓળખ ફૈક મબુઓચ તરીકે થઈ છે. જે હમાસની ઈન્ટરનલ સિક્યુરિટીના કોમ્યુનિકેશન સેન્ટરનો પ્રમુખ હતો. મીડિયા રિપોર્ટ પ્રમાણે ઈઝરાયેલની સેનાને ગાઝાની શિફા હોસ્પિટલમાં હમાસના સભ્યો  સંતાયા હોવાની બાતમીના આધારે ઈઝરાયેલના સૈનિકોએ હોસ્પિટલ પર એટેક કર્યો હતો. હમાસના સભ્યો અને સૈનિકો વચ્ચે મેડિકલ સેન્ટરની અંદર ફાયરિંગ થયુ હતુ અને તેમાં હમાસના ટોચના કમાન્ડરનુ મોત થયુ હતુ. તેનુ જે રુમમાં મોત થયુ હતુ તેની બાજુના રુમમાંથી હથિયારોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આ અથડામણમાં ઈઝરાયેલના ૨૦ વર્ષના સૈનિક સાર્જન્ટ મટન વિનોગ્રાદોવનુ પણ મોત થયુ હતુ. અથડામણમાં માર્યા ગયેલા હમાસના ટોચના અધિકારી ફૈકના ભાઈએ હમાસ માટે દુબઈમાંથી ૨૦૧૦માં હથિયારો ખરીદયા હતા. બાદમાં તેની પણ હત્યા થઈ ગઈ હતી અને તેમાં મોસાદનો હાથ હોવાનુ કહેવાયુ હતુ. ઈઝરાયેલની સેનાએ આ અથડામણ બાદ કહ્યુ હતુ કે, હોસ્પિટલમાં નાગરિકો, દર્દીઓ તેમજ તબીબોને નુકસાન ના પહોંચે તે વાતનુ અમે ધ્યાન રાખ્યુ હતુ. હોસ્પિટલમાં દર્દીઓ તેમજ નાગરિકોને ભોજન, પાણી અને બીજી વસ્તુઓ અમે જ પહોંચાડી રહ્યા છે.

### આ કંપનીનું નામ મૈસૂર પેઈન્ટ્સ એન્ડ વાર્નિશ લિમિટેડ છે

# ચૂંટણીમાં વપરાતી શાહી કર્ણાટક સરકાર બનાવે છે



નવી દિલ્હી,

ભારતમાં લોકસભા ચૂંટણીનું બ્યુગલ વાગી ગયું છે. ચૂંટણી પંચે આ વર્ષે યોજાનારી લોકસભાની ચૂંટણીની તારીખોની જાહેરાત કરી દીધી છે. તમને જણાવી દઈએ કે કુલ ૭ તબક્કામાં ચૂંટણી યોજાશે. આ માટે ચૂંટણી પંચ તમામ તૈયારીઓ કરી રહ્યું છે. પરંતુ શું તમે જાણો છો કે મતદાન કરતી વખતે તમારી આંગળી પર જે શાહી લગાવવામાં આવે છે તે ક્યાંથી આવે છે? શું તમે જાણો છો કે આ શાહીની કિંમત કેટલી છે? તમને જણાવી દઈએ કે ૧૯૬૨ની લોકસભા ચૂંટણીમાં પહેલીવાર પારદર્શિતા માટે અને નકલી વોટિંગને રોકવા માટે આંગળીઓ પર શાહી લગાવવાની પ્રથા શરૂ કરવામાં આવી હતી. ત્યારથી, આ નક્કર શાહીનો ઉપયોગ દરેક લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓમાં થાય છે. જ્યારે પ્રથમ વખત શાહીનો ઉપયોગ કરવામાં આવ્યો ત્યારે ચૂંટણી પંચનું માનવું હતું કે શાહી લગાવવાથી કોઈ ફરી મતદાન કરી શકશે નહીં અને હેરાફેરી અટકાવી શકાશે. તમને જણાવી દઈએ કે અત્યાર સુધી માત્ર એક જ કંપની ચૂંટણીમાં વપરાતી આ શાહીનું ઉત્પાદન કરી રહી છે. આ કંપનીનું નામ મૈસૂર પેઈન્ટ્સ એન્ડ વાર્નિશ લિમિટેડ છે.

તે કર્ણાટક સરકારની કંપની છે અને તેની શરૂઆત વર્ષ ૧૯૩૭માં થઈ હતી. એમપીવીએલનો પાયો નલવાડી કૃષ્ણ રાજા વાડિયારે નાખ્યો હતો. શરૂઆતમાં આ કંપનીનું નામ મૈસુર લોક ફેક્ટરી હતું. ૧૯૪૭માં જ્યારે દેશ આઝાદ થયો ત્યારે આ કંપનીને સરકારે પોતાના કબજામાં લઈ લીધી અને તેનું નામ મૈસૂર લોક એન્ડ પેઈન્ટ્સ લિમિટેડ રાખવામાં આવ્યું.

વર્ષ ૧૯૮૯માં, કંપનીએ વાર્નિશનું ઉત્પાદન શરૂ કર્યું અને તેની સાથે તેનું નામ પણ બદલ્યું. ભારતની ચૂંટણી યાત્રામાં **MPVL**નું ખૂબ મહત્વનું યોગદાન છે. ૭૦ના દાયકાથી લઈને આજ સુધી માત્ર આ કંપનીને ચૂંટણીમાં વપરાતી શાહી બનાવવાની મંજૂરી છે.

### બિહારમાં બેઠક વહેંચણી બાદ વિવાદ જારી

# પશુપતિ પારસ એનડીએથી અલગ થયા, મંત્રીપદેથી રાજીનામું આપ્યું

## મારી અને મારી પાર્ટી સાથે અન્યાય થયો, એક પણ બેઠક નથી આપવામાં આવી, મેં મારું રાજીનામું મોકલી દીધું છેઃ પારસ



પટણા,

બિહારમાં એનડીએમાં બેઠક વહેંચણીનો ઉકેલ લાવી દેવાયો છે. બેઠક વહેંચણીને લઈને હવે ગઠબંધનની પાર્ટીઓમાં નારાજગી પણ સામે આવવા લાગી છે. ખાલી હાથ રહેલા પશુપતિ પારસની નારાજગી ચર્ચામાં છે, તો રાષ્ટ્રીય લોક મોર્ચાના અધ્યક્ષ ઉપેન્દ્ર કુશવાહા પણ નારાજ છે.

ત્યારે હવે મોટા સમાચાર મળી રહ્યા છે કે, પશુપતિ પારસ એનડીએથી અલગ થયા છે. આરએલજેપી અધ્યક્ષ પશુપતિ પારસે કેન્દ્રીય મંત્રી પદેથી રાજીનામું આપવાનું એલાન કરી દીધું છે. તેમણે પ્રેસ કોન્ફરન્સ કરીને રાજીનામાં અંગે વાત કરી છે. આ દરમિયાન તેમણે કહ્યું કે, 'મારી અને મારી પાર્ટી સાથે અન્યાય થયો. એક પણ બેઠક નથી આપવામાં આવી. મેં મારું રાજીનામું મોકલી દીધું છે.'

# હિંમતનગરમાં થયેલ ૪૯ લાખની આંગડીયા લૂંટનો ભેદ ઉકેલાયો

હિંમતનગર,

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરમાંથી ૪૯ લાખની આંગડીયા લૂંટ મામલે ૭ આરોપીઓને પોલીસે ઝડપી લીધા છે. બનાસકાંઠા પોલીસે ત્રણ અને સાબરકાંઠા પોલીસે ચાર આરોપીઓઓને ઝડપી લીધા છે. સાતેય આરોપીઓ પાસેથી લૂંટનો મુદ્દામાલ પણ બંને જિલ્લાની પોલીસે કબ્જે કર્યો છે. આમ પોલીસે લૂંટનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવતા રાહત સર્જાઇ છે.

ગત ૧૨, માર્ચે વહેલી સવારે હિંમતનગર શહેરના બસ સ્ટેશનના ગેટ આગળથી જ આંગડીયા કર્મીઓ લૂંટાયાની ઘટના સામે આવી હતી. બસ સ્ટેશન અને શહેરના મુખ્ય વિસ્તારમાંથી જ લૂંટારુઓ ૪૯ લાખ કરતા વધારેની કિંમતની લૂંટ આચરીને ફરાર થઈ ગયા હતા. જેને પગલે જિલ્લા પોલીસ દ્વારા લૂંટારુઓને શોધવા માટે પ્રયાસો શરુ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન શિહોરી પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાંથી બનાસકાંઠા એલસીબીએ ગત ૧૫ માર્ચે ત્રણ આરોપીઓ અને લૂંટમાં વપરાયેલી કારને ઝડપી લીધી હતી. આ બાદ લૂંટારુ ગેંગને લઈ સાબરકાંઠા એલસીબીની ટીમ પણ શોધખોળ કરી રહી હતી. જેમાં વધુ ચાર આરોપીઓ લૂંટના મુદ્દામાલ સાથે હાથ લાગ્યા હતા. આમ સાબરકાંઠા એલસીબીને પણ મોટી સફળતા હાથ લાગી હતી.

સાબરકાંઠા એલસીબીની ટીમને બાતમી મળી હતી. જેને લઈ ઇડરના વલાસણા હાઈવે તરફ વોચ ગોઠવતા વધુ ચાર આરોપીને ઝડપી લેવામાં આવ્યા છે. એલસીબી પીએસઆઈ ડીસી પરમાર અને તેમની ટીમ દ્વારા આ અંગેની વોચ ગોઠવતા આરોપીઓને વલાસણા હાઇવે પરથી ઈકો કારમાં સવાર હર્ષજી ઠાકોર, સંદીપ ઠાકોર, જયદીપસિંહ રાજપૂત અને દિવ્યરાજસિંહ રાજપૂતને ઝડપી લેવામાં આવ્યા હતા. આરોપીઓ ઈકો કાર લઈને ઈડર તરફ આવી રહ્યા હતા કારમાં લૂંટ દરમિયાન તફડાવી લીધેલ સોના અને ચાંદીના દાગીના પણ મળી આવ્યા હતા.

### મુંબઈ ઈન્ડિયન્સનો પેસ બોલર જેસન બેહરેનડોર્ફ ઈજાગ્રસ્ત

# મુંબઈ ઈન્ડિયન્સે ઈંગ્લેન્ડના પેસર લ્યુક વૂડને ટીમમાં સામેલ કર્યો

## ૨૮ વર્ષીય વુડ ૫૦ લાખ રૂપિયાની કિંમતે મુંબઈ ઈન્ડિયન્સમાં જોડાશે



મુંબઈ

પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે ઓસ્ટ્રેલિયાના ઈજાગ્રસ્ત ફાસ્ટ બોલર જેસન બેહરેનડોર્ફની જગ્યાએ ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર લ્યુક વૂડને પોતાની ટીમમાં સામેલ કર્યો છે.

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ના એક નિવેદન અનુસાર, ૨૮ વર્ષીય વુડ ૫૦ લાખ રૂપિયાની કિંમતે મુંબઈ ઈન્ડિયન્સમાં જોડાશે. નિવેદન અનુસાર, 'મુંબઈ ઈન્ડિયન્સે આગામી ઈન્ડિયન પ્રીમિયર લીગ માટે ઈજાગ્રસ્ત જેસન બેહરેનડોર્ફની જગ્યાએ લ્યુક વુડને પોતાની ટીમમાં સામેલ કર્યો છે.' વૂડે ઈંગ્લેન્ડ માટે પાંચ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચ અને બે વન-ડે રમી છે. ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેના નામે આઠ વિકેટ છે.કુલ મળીને વુડે ૧૪૦ ટી૨૦ મેચમાં ૧૪૭ વિકેટ લીધી છે. મુંબઈ ઈન્ડિયન્સની વાત કરીએ તો, ૫ વખતની ચેમ્પિયન ટીમની પ્રથમ મેચ ૨૪ માર્ચ, રવિવારે ગુજરાત ટાઇટન્સ સામે થશે.

ડાબા હાથના ઝડપી બોલર લ્યુક વૂડે પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ ૨૦૨૪)માં તેની ટીમ પેશાવર ઝાલ્મી માટે શાનદાર પ્રદર્શન કર્યું હતું. બેટ્સમેન માટે, બોલને રિવર્સ સ્વિંગ કરવાની તેમની ક્ષમતા શ્રેષ્ઠ બેટ્સમેનોને પણ આશ્ચર્યચકિત કરે છે. વિવિધ પરિસ્થિતિઓમાં અનુકૂલન કરવાની અને પીએસએલ જેવી ટૂર્નામેન્ટમાં સતત સારું પ્રદર્શન કરવાની તેની ક્ષમતા તેની પ્રતિભા અને નિશ્ચય દર્શાવે છે. ઈંગ્લેન્ડનો ૨૮ વર્ષનો લ્યુક વુડ પહેલીવાર આઈપીએલમાં રમતા જોવા મળશે. તે સતત ૧૪૦ થી ૧૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બોલિંગ કરે છે. વુડ રૂ. ૫૦ લાખની બેઝ પ્રાઈઝ પર ટીમ સાથે જોડાશે.

પાકિસ્તાનમાં કમાલ કર્યા બાદ હવે લ્યુક વુડ ભારતમાં પણ આ જ કારનામું બતાવવા આવી રહ્યો છે. બે દિવસ પહેલા જ લ્યુક વૂડ પાકિસ્તાન સુપર લીગમાં બાબર આઝમની કપ્તાની પેશાવર ઝાલ્મી ટીમ તરફથી રમી રહ્યો હતો. અહીં તેણે ૧૧ મેચમાં ૧૨ વિકેટ લીધી હતી અને તે પોતાની ટીમનો સૌથી સફળ બોલર હતો. જોકે, તે ટીમને ફાઈનલમાં લઈ જઈ શક્યો ન હતો અને ટીમ એલિમિનેટરમાં હારીને ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ હતી.

# યુવાઓમાં ઝડપથી વધી રહી છે ન્યૂરોલોજિકલ સમસ્યા

નવી દિલ્હી,

આજકાલ મોટી સંખ્યામાં યુવાનો ન્યૂરોલોજીકલ પ્રોબ્લેમથી પીડિત છે, જે દુનિયા માટે સૌથી મોટી ચિંતા બની રહી છે. તે માત્ર શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર નથી કરતું, ક્વોલિટી ઓફ લાઈફને પણ ખરાબ રીતે અસર કરી શકે છે. આ અંગે ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. ધ લેન્સેટ ન્યૂરોલોજી જર્નલમાં પ્રકાશિત થયેલા એક તાજેતરના અભ્યાસમાં જણાવાયું છે કે વર્ષ ૨૦૨૧માં વિશ્વભરમાં ૩.૪ અબજ અથવા ૩૪૦ કરોડથી વધુ લોકો વિવિધ પ્રકારની ન્યૂરોલોજીકલ સમસ્યાઓ સાથે જીવી રહ્યા છે.

સ્વાસ્થ્ય નિષ્ણાતોના મતે આપણું મગજ, કરોડરજ્જુ અને ચેતાતંત્ર મળીને નર્વસ સિસ્ટમ બનાવે છે, જે શરીરની તમામ પ્રવૃત્તિઓને નિયંત્રિત કરે છે. જ્યારે નર્વસ સિસ્ટમનો કોઈપણ ભાગ સંવેદનશીલ હોય અથવા કોઈપણ રોગથી પ્રભાવિત હોય, ત્યારે ઘણા જોખમો જોવા મળે છે. ન્યૂરોલોજીકલ સમસ્યાઓ ચાલવા, બોલવામાં, ખાવામાં, ગળવામાં, શ્વાસ લેવામાં અને નવી વસ્તુઓ શીખવામાં સમસ્યા ઊભી કરી શકે છે. જેના કારણે યાદશક્તિ નબળી પડી જાય છે અને માનસિક સમસ્યાઓ વધી શકે છે. ન્યૂરોલોજીકલ ડિસઓર્ડરમાં કેટલીક પરિસ્થિતિઓ ખૂબ ગંભીર માનવામાં આવે છે. ક્યારેક આ જીવલેણ પણ બની શકે છે. લેન્સેટમાં પ્રકાશિત અહેવાલ અનુસાર, વૈશ્વિક વસ્તીમાં વધારા સાથે પ્રદૂષણમાં રહેવું, મેટાબોલિઝમ અને લાઇફ સ્ટાઇલ સંબંધિત જોખમોના કારણે આ સમસ્યાનો ખતરો વધી રહ્યો છે. સંશોધકોએ જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વમાં છેલ્લા ૩૧ વર્ષોમાં ન્યૂરોલોજીકલ પરિસ્થિતિઓને કારણે અપંગતા અને અકાળ મૃત્યુના કેસોમાં વધારો થયો છે. જે ડિસેબિલિટી એડજસ્ટેડ લાઈફ ઈયર્સ તરીકે ઓળખાય છે.

જેમાં ૧૮ ટકાનો વધારો થયો છે. આ અભ્યાસ મુજબ, વર્ષ ૨૦૨૧માં જે ૧૦ સૌથી વધુ ન્યૂરોલોજીકલ સમસ્યાઓની ઝપેટમાં લોકો આવ્યા તેમાં સ્ટ્રોક, નિયોનેટલ, એન્સેફાલોપથી એટલે કે મગજની ઈજા, માઈગ્રેન, અલ્ઝાઈમર-ડિમેન્શિયા, ડાયાબિટીક ન્યૂરોપથી, મેનિનજાઈટિસ, એપિલેપ્સી, સમય અગાઉ જન્મ થવાના કારણે બાળકોમાં ન્યૂરોલોજિકલ મુશ્કેલી, ઓટિઝ્મ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર અને નર્વસ સિસ્ટમનું કેન્સર સામેલ છે. ઈન્સ્ટિટ્યૂટ ફોર હેલ્થ મેટ્રિક્સ એન્ડ ઈવેલ્યુએશન, વોશિંગ્ટન ખાતે અભ્યાસ અને સંશોધનના મુખ્ય લેખક ડૉ. જેમી સ્ટેઈનમેટ્ઝે જણાવ્યું હતું કે લગભગ તમામ દેશોમાં આવી સમસ્યાઓ વધી છે.

# ૫૨ જેટલા અધિકારીઓને એન્ટી પ્લાસ્ટિક સ્કવોડ તરીકેની વિશેષ જવાબદારી સોંપાઈ



અમદાવાદ,

જૂનાગઢના સુપ્રસિધ્ધ ગિરનાર પર્વત પર આવેલા અંબાજી માતાજીના મંદિર અને દત્તાત્રેય ભગવાનના મંદિરની આસપાસ ગંદકી અને બિનઆરોગ્યપ્રદ વાતાવરણને લઈ ગુજરાત હાઈકોર્ટમાં થયેલી જાહેરહિતની રિટમાં ગુજરાત હાઈકોર્ટની ફટકાર અને આકરા વલણ બાદ હવે સરકાર અને સ્થાનિક વહીવટી તંત્ર એકશનમાં આવ્યું છે. જેમાં ગિરનાર અભયારણ્ય વિસ્તારમાં પ્લાસ્ટિક પર પ્રતિબંધની કડકાઈથી અમલવારી કરાવવા સરકાર દ્વારા ૫૨ જેટલા અધિકારીઓને એન્ટી પ્લાસ્ટિક સ્કવોડ તરીકેની વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે. બીજીબાજુ, તા.૨૪ એપ્રિલ સુધીમાં ઝોનલ માસ્ટર પ્લાન તૈયાર કરવાની સરકાર તરફથી હૈયાધારણ હાઈકોર્ટ સમક્ષ અપાઈ હતી. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરૃધ્ધા માયીની ખંડપીઠે જૂનાગઢ કલેકટરને પ્રગતિ અહેવાલ સાથેનું સોગંદનામું રજૂ કરવા નિર્દેશ કરી કેસની વધુ સુનાવણી મે મહિનામાં મુકરર કરી હતી. જો કે, કેસની સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે સરકારની રજૂઆત બાદ થોડા દુઃખ સાથે ટકોર કરી હતી કે, સરકાર અને સત્તાવાળાઓ દ્વારા હવે જ કેમ બધી કામગીરી અસરકારક રીતે કરવામાં આવી...? એનો મતલબ એ થયો કે, અત્યાર સુધી કોઈ પગલાં લેવામાં આવ્યા ન હતા. બહારથી આવતાં લોકો-પ્રવાસીઓ ગિરનાર અભયારણ્યને ખરાબ કરીને જાય છે તેવી ટકોર સાથે પણ હાઈકોર્ટે ચિંતા વ્યકત કરી હતી. ગિરનાર પર્વત પર ગંદકી અને કચરાના બિનઆરોગ્યપ્રદ વાતાવરણને લઈ એડવોકેટ અમિત પંચાલ દ્વારા દાખલ કરાયેલી પીઆઈએલમાં રાજય સરકાર તરફથી આજે સોગંદનામું રજૂ કરી જણાવાયું હતું કે, ગરિનાર અભયારણ્ય વિસ્તારમાં પ્લાસ્ટિક પર પ્રતિબંધ સહિતના મુદ્દે હાઈકોર્ટના નિર્દેશોનું ચુસ્તપણે પાલન કરાવવા સરકાર અને સ્થાનિક વહીવટી તંત્ર અને સત્તાવાળાઓ દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવી છે. જેમાં તા.૨૩ ફેબ્રુઆરીથી તા.૧૫ માર્ચ સુધીમાં વનવિભાગ દ્વારા ૧૧૪ જેટલી પ્રાથમિક ફરિયાદ દાખલ કરવામાં આવી છે. સત્તાવાળાઓ અને અધિકારીઓએ સ્થાનિક દુકાનદારો સાથે બેઠકો યોજી તેઓને પ્લાસ્ટિકના વપરાશ, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ અને તેની અમલવારી પરત્વે સમજાવાયા છે. જે દુકાનદારો હજુ પણ પ્લાસ્ટિકનું વેચાણ કરી રહ્યા છે, તેઓની સામે સીલીંગ સહિતની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સરકાર તરફથી હાઈકોર્ટનું એ પણ મહત્ત્વના મુદ્દે ધ્યાન દોરાયું કે, ઈકો સેન્સીટીવ ઝોન માટે ઝોનલ માસ્ટર પ્લાન આગામી દિવસોમાં તૈયાર કરી અમલવારી કરાશે. આગામી ચાર સપ્તાહમાં આ ઝોનલ માસ્ટર પ્લાન તૈયાર થઈ જવાની સંભાવના છે. અલબત્ત, ભવનાથ મંદિર અને અંબાજી મંદિર અભયારણ્યની અંદર આવ્યું હોવાથી કામગીરી થોડી પડકારજનક હોવાનું પણ સરકારે જણાવ્યું હતું. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલે સરકારને જણાવ્યું હતું કે, આ તો માત્ર કામગીરીની શરૃઆત છે, હજુ તો તમારે આ મામલે ઘણું બધુ કરવાનું છે. જો કે, મહાશિવરાત્રિના પવિત્ર પર્વ દરમ્યાન સરકાર અને સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા કરાયેલી કામગીરીને લઈ અરજદારપક્ષ અને હાઈકોર્ટ દ્વારા સરાહના કરવામાં આવી હતી. સરકારપક્ષ દ્વારા અદાલતનું ધ્યાન દોરાયું હતું કે, અભયારણ્ય વિસ્તારમાં બહારના લોકો-યાત્રાળુઓ આવીને સ્થાનિક પર્યાવરણ કે વાતાવરણ ખરાબ કરતાં હોય ત્યારે અહીંના સ્થાનિકો પણ તેઓને આમ કરતાં રોકે છે. અહીના લોકો તો સિંહો સાથે પણ વાત કરે છે. હાઈકોર્ટે જણાવ્યું કે, ફકત ગિરનાર પર્વત પર જ નહી પરંતુ ગીરના જંગલોમાં પણ લોકો રહે છે તેઓને પણ સંવેદનશીલ અને જાગૃત બનાવો.

# પીઆઈ ખાંચરની ધરપકડથી બચવા આગોતરા જામીન અરજી





અમદાવાદ,

ડો. વૈશાલી જોષીની આત્મહત્યા કેસમાં નાસતા ફરતા પોલીસ ઈન્સ્પેક્ટર બી.કે.ખાંચરે ધરપકડથી બચવા માટે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી છે. જેમાં કોર્ટે તપાસ કરનાર અધિકારીને નોટિસ ઈશ્યૂ કરી વધુ સુનાવણી ૨૭મી માર્ચ પર મુલતવી રાખી છે. જેથી તે દિવસે તપાસ કરનાર અધિકારી આરોપી ખાંચર સામે જામીન ન આપવા માટે એફિડેવીટ ફાઈલ કરશે.

નોંધનીય છે કે, વૈશાલી જોષીએ આત્મહત્યા કરી તે દિવસથી પીઆઈ ખાંચર રજા પર ઉતરી ગયા હતા અને ભૂગર્ભમાં જતા રહ્યાં છે, ત્યાર બાદ આ મામલે ફરિયાદ નોંધાઈ હતી અને પોલીસ તેમના ઘરે તથા વતનમાં તપાસ માટે ગઈ હતી પરંતુ તેઓ મળી આવ્યા નથી. ડો.વૈશાલી જોષીના આત્મહત્યા કેસમાં ફરિયાદ નોંધાયા બાદ આરોપી પોલીસ ઈન્સ્પેક્ટર બી.કે.ખાંચરે સેશન્સ કોર્ટમાં ધરપકડથી બચવા માટે આગોતરા જામીન અરજી કરી છે.

જેમાં તેમના એડવોકેટ સંજય ઠક્કરે એવી રજૂઆત કરી છે કે, ખોટી રીતે ફરિયાદ કરવામાં આવી છે, સમગ્ર પ્રકરણમાં કોઈ જ સંડોવણી નથી, પોલીસ અધિકારી છે અને ક્યાંય નાસી કે ભાગી જાય તેમ નથી, કોર્ટ પાસે જામીન આપવાની સત્તા છે અને કોર્ટ જામીન આપે તો તમામ શરતોનું પાલન કરવા માટે તૈયાર છીએ, આ કેસમાં ફરિયાદ મોડી કરવામાં આવી છે, પરંતુ તેનો કોઈ જ ખુલાસો કરવામાં આવ્યો નથી, કાયમી રહેઠાંણ ધરાવે છે, તપાસમાં સહકાર આપવા પણ તૈયાર છીએ ત્યારે કોર્ટે આગોતરા જામીન આપવા જોઈએ.

### લોકસભાની ચૂંટણી પહેલાં પક્ષપલટાની સિઝન જોરમાં

# ચૂંટણી લડાવશે તો જ ભાજપમાં જોડાઈશ : કનુ કલસરિયા



અમદાવાદ,

લોકસભાની ચૂંટણી પહેલા પક્ષપલટાની સીઝન ચાલી રહી છે. ભાજપનો ભરતી મેળો ચાલી રહ્યો છે, ત્યારે ભાવનગરના મહુવાના પૂર્વ ધારાસભ્ય કનુ કલસરિયાને જોડવાના ભરપૂર પ્રયાસ કરાઈ રહ્યા છે. એક સમયના જાયન્ટ કિલર નેતા તરીકેની છાપ ધરાવતા કનુ કલસરિયા ભાજપમાં જોડાશે કે નહીં તે હજુ સુધી સ્પષ્ટ નથી થઈ રહ્યું. કારણ કે હવે કનુ કલસરિયાના સૂર બદલાયા છે. પહેલા કહ્યું હતું કે ભાજપમાં નહીં જોડાઉં. ત્યારબાદ હવે તેઓ કહી રહ્યા છે કે જો મને ચૂંટણી લડાવશે તો જ ભાજપમાં જોડાઈશ.

કનુ કલસરિયાએ વધુ એક નિવેદન આપ્યું છે કે, ’આમ તો એક વાત જગજાહેર થઈ ગઈ છે કે પક્ષ વિના કોઈ કામ નથી થતા. આમ તો હુ પક્ષ વિના જ લોક કલ્યાણના કામ તો જોડાયેલો છું છતા ચાહકવર્ગના લોકો કહ્યા કરે છે કે તમે કોઈ સત્તા પર હોય તેવી પાર્ટીમાં હોવ તો લોકોના ઘણા કલ્યાણના કામો થાય. એમ નેમ આવવાથી તો શું ? એમ નેમ તો હું ખેડૂતોના કલ્યાણના ઘણા કામો કરુ જ છું. પણ એક વાત છે કે અતિશય આગ્રહ થયો ત્યારે તેને ફેસ ન કરી શક્યો. જો તેઓ મને લડાવતા હોય તો હું ચોક્કસ વિચારીશ. હવે તે આખરે પાર્ટીને આધિન છે. મારી કોઈ ઈચ્છા નથી કે મારે સત્તાની સાથે ચોંટેલા રહેવું. જો આપણને એવું પદ આપતા હોય તો સ્થાનિક લોકોના કામો સરળતાથી પાર પાડી શકાય. લોક કલ્યાણ અને ગરીબ કલ્યાણના કામોમાં ખુબ યોગદાન આપી શકીએ.’ ગઈકાલે (૧૯ માર્ચ) તેમના ભાજપમાં જોડાવાની અટકળો પર પૂર્ણવિરામ લાગૂ ચૂક્યો હતો. ભાવનગરના એક કાર્યક્રમમાં તેમણે કહ્યું હતું કે, હાલ કોઈપણ પાર્ટીમાં જોડાવાની ઈચ્છા નથી. ભાજપમાં જોડાવા માટે મારું મન માનતું નથી. મારી ખેડૂતોના પ્રશ્નો માટેની લડાઈ ચાલુ રહેશે. પરંતુ હવે અચાનક તેમના સૂર બદલાયા છે. કનુ કલસરિયાનું કહેવું છે કે કોઈ જગ્યાએથી ચૂંટણી લડાવે તો ભાજપમાં જોડાઈશ. ૬ માર્ચના રોજ સી.આર. પાટીલે મહુવામાં કનુ કલસરિયા સાથે સદભાવના હોસ્પિટલમાં બંધબારણે મુલાકાત કરી હતી. બંધબારણે થયેલી આ બેઠકમાં આહિર સમાજના આગેવાનો પણ પહોંચ્યા હતા. લોકસાહિત્યકાર માયાભાઈ આહિર પણ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. સી.આર. પાટીલે કનુ કલસરિયાના નિવાસસ્થાને ભોજન પણ લીધું હતું. પાટીલે કનુ કલસરિયાને ભાજપમાં જોડાવા માટે આમંત્રણ આપ્યું હતું.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben V. Sisodiya